Extra No. 123 REGISTERED No. G/GNR/2

©

सत्यमेव जयते

# The Gujarat Government Gazette

## EXTRAORDINARY

PUBLISHED BY AUTHORITY

Vol. XLVII] WEDNESDAY, AUGUST 2, 2006/SRAVANA 11, 1928

Separate paging is given to this Part in order that it may be filed as a Separate Compilation.

PART IX

**Gujarati translation of Bills, Acts and Notifications other than those published in other parts.**

વૈધાનિક અને સંસદીય બાબતોનો વિભાગ

સચિવાલય, ગાંધીનગર, ૨જી ઓગષ્ટ, ૨૦૦૬.

ગુજરાત ગેઝેટમાં અંગ્રેજીમાં પ્રસિધ્ધ થયેલા તારીખ ૨૫મી જુલાઈ, ૨૦૦૬ના ગુજરાત સરકારના શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૦૬નો ૨૧૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-પાર્ટ-૩-એમ નો ગુજરાતી અનુવાદ આથી સર્વ લોકોની જાણ સારૂ પ્રસિધ્ધ કર્યો છે.

આઈ. એ. પરમાર,<br>
સરકારના સંયુક્ત સચિવ.

**Notification**

***Regarding***

**AMENDMENT TO THE GUJARAT MUNICIPALITIES (RESERVATION OF SC, ST, BC AND WOMEN FOR THE OFFICE OF THE PRESIDENT) RULES, 1994.**

**ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાતવર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ સુધારવા સંબંધી જાહેરનામું.**

**શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ**

સચિવાલય, ગાંધીનગર, ૨૫મી જુલાઈ, ૨૦૦૬.

**ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩.**

ક્રમાંક :-કેવી-૨૦૦૬નો ૨૧૪-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-પાર્ટ-૩-એમ :- ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમં ૨૭૭ની પેટા-કલમ ૩થી ઠરાવ્યા પ્રમાણે, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારતા કેટલાક નિયમોનો મુસદ્દો, શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગના તારીખ : ૨૩મી મે, ૨૦૦૬ના સરકારી જાહેરનામા ક્રમાંક : કેવી-૨૦૦૬નો ૧૩૯-એનપીએલ-૪૫૯૪-૪૬૦૯-પાર્ટ-૩-એમ. હેઠળ, તારીખ : ૨૩મી મે, ૨૦૦૬ના

ગુજરાત સરકારના અસાધારણ રાજપત્ર ભાગ-૧-કમાં પાના નં. ૬૨-૧ થી ૬૨-૨ ઉપર પ્રસિધ્ધ કર્યો હતો અને તેનાથી અસર થવાનો સંભવ હોય તેવી તમામ વ્યક્તિઓ પાસેથી સદરહુ જાહેરનામું રાજપત્રમાં પ્રસિધ્ધ થયાની તારીખથી ત્રીસ દિવસની અંદર વાંધા અથવા સૂચનો મંગાવ્યા હતા.

અને, સદરહુ જાહેરનામાના મુસદ્દાના સંબંધમાં સરકારને કોઈ વાંધા અથવા સૂચનો મળ્યા નથી;

**તેથી**, હવે, ગુજરાત નગરપાલિકા અધિનિયમ, ૧૯૬૩ (સન ૧૯૬૪ના ગુજરાતના ૩૪મા)ની કલમ ૩૩ની પેટા-કલમ (૩) સાથે વાંચતા, કલમ ૨૭૭ની પેટા-કલમ (૧)થી મળેલી સત્તાની રૂએ, ગુજરાત સરકાર, આથી, ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ વધુ સુધારવા નીચેના નિયમો કરે છે :-

૧. આ નિયમો ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) (તૃતિય સુધારા) નિયમો, ૨૦૦૬ કહેવાશે.

૨. ગુજરાત નગરપાલિકા (અનુસૂચિત જાતિ, અનુસૂચિત આદિજાતિ, પછાત વર્ગો અને સ્ત્રીઓ માટે પ્રમુખના હોદ્દા અનામત રાખવા બાબત) નિયમો, ૧૯૯૪ (જેનો આમાં હવે પછી, ''સદરહુ નિયમો'' તરીકે ઉલ્લેખ કર્યો છે તે)માં, નિયમ ૨માં, ''અનુસૂચિ-૩ અને અનુસૂચિ-૪'' એ શબ્દો અને આંકડાને બદલે, ''અનુસૂચિ-૩, અનુસૂચિ-૪ અને અનુસૂચિ-૫''એ શબ્દો અને આંકડા મૂકવા.

૩. સદરહુ નિયમોમાં, અનુસૂચિ-૪ પછી, નીચેની અનુસૂચિ ઉમેરવી :-

''અનુસૂચિ-૫

નગરપાલિકાના પ્રમુખના હોદ્દા માટે રોસ્ટર

| અનુ ક્રમાંક | નગરપાલિકાનું નામ | રોસ્ટર પોઈન્ટ | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| | | ૧લો | ૨જો | ૩જો | ૪થો | ૫મો | ૬ઠો | ૭મો | ૮મો | ૯મો | ૧૦મો |
| વર્ગ - ક (અ.જા.-૧, પ.વ.-૧, સ્ત્રી - ૩, સા.-૫) | | | | | | | | | | | |
| ૧ | ઓખા | સ્ત્રી | પ.વ. | સા. | સા. | સ્ત્રી | સા. | અ.જા. | સા. | સ્ત્રી | સા. |

ઉપરની અનુસૂચિમાં વપરાયેલા સંક્ષિપ્ત રૂપો પર નોંધ :-

| | | | | | |
|---|---|---|---|---|---|
| સા. | - | સામાન્ય | અ.જા. | - | અનુસૂચિત જાતિ |
| સ્ત્રી(W) | - | સ્ત્રી | પ.વ. | - | પછાત વર્ગ''. |

ગુજરાતના રાજ્યપાલના હુકમથી અને તેમના નામે,

આર. એમ. શર્મા,
સરકારના સંયુક્ત સચિવ.

---

સરકારી મધ્યસ્થ મુદ્રણાલય, ગાંધીનગર.